
MY FIRST STEPS IN ENGLISH
BOOK I



MACMILLAN & COMPANY, LIMITED
BOMBAY CALCUTTA MADRAS LONDON
1931

Price : 4 Annas

MY FIRST STEPS IN ENGLISH
BOOK I



MACMILLAN & COMPANY, LIMITED
BOMBAY CALCUTTA MADRAS LONDON
1931

Price : 4 Annas

PREFACE

Every one who has experience of teaching a foreign language to young children knows how difficult it is to hit upon some sound and rational method at the very start. This little book, the first of a series, is intended to provide such a method in respect of the teaching of English in our Anglo-Vernacular Schools. It is an attempt to present what, for want of a better name, may be called the Synthetic Method for the study of English—a method which is neither the Indirect one employed in the *Pâthmālās* so largely in use in the early stages, nor the Direct one which for children who have no opportunities of using English in the playground or the home has obvious difficulties of its own. The method adopted in this book seeks to co-ordinate the good features of both these methods and to steer clear of those which in practice present serious inconveniences.

Our principal aim has been to adapt the lessons and the knowledge imparted through them to the mental growth of the average beginner and to ensure ease and rapidity in his acquiring the correct use of English words and sentences at this early stage.

A successful use of this book demands that the following suggestions be observed :—(1) The main

effort should be to see that the young beginner learns to form sentences 'in the rough'. Exactness and elaboration should not be insisted upon at an early stage. (2) The grammatical portions of this book are of subsidiary interest. The beginner should not be made to commit rules to memory; nor unless it is specially desired, should his knowledge of the rules be tested. (3) The child's progress should be very gradual and nothing should be done which might tend to shake his confidence in his steady advance.

Teachers of this series are kindly invited to communicate to the publishers any difficulties they or the children experience in the use of this book and to make suggestions for meeting these or making further improvements in the method or the text.

CONTENTS

BOOK I

PART I

PART II

MY FIRST STEPS IN ENGLISH

BOOK I

PART I

LESSON I

Is : Are

The book *is* good.	The books *are* good.
The ball *is* round.	The balls *are* round.
The master *is* kind.	The masters *are* kind.
The rose *is* red.	The roses *are* red.
The crow *is* black.	The crows *are* black.
The cow *is* tame.	The cows *are* tame.

Manu *is* clever.
Mani *is* pretty.
Manu and Mani *are* brother and sister.

Is = છે
Are = છે

ઉપર જણાશે કે જે વાક્યમાં **એક** વસ્તુને વિષે કંઈ કહ્યું છે, એટલે કે જેમાં કર્તા એકવચનમાં છે, તેમાં ક્રિયાપદનું રૂપ is વાપર્યું છે, અને જેમાં કર્તા બહુવચનમાં છે, તેમાં ક્રિયાપદનું રૂપ are વાપર્યું છે. ચોપડીને વિષે વાત કરી ત્યાં is વાપર્યું છે; ચોપડીઓને વિષે વાત કરી ત્યાં are વાપર્યું છે.

Is એ to be ક્રિયાપદનું વર્તમાનકાળનું ત્રીજા પુરુષનું એકવચનનું રૂપ છે, are એ બહુવચનનું રૂપ છે.

આ ચોપડી છે—એજ વાત અંગ્રેજીમાં કહેવી હોય તો This book is, એમ નહિ પણ This is a book એમ કહેવાય છે, એ ધ્યાનમાં રાખવું.

મનોયત્ન

યોગ્ય હોય તે પ્રમાણે is કે are મૂકીને નીચેના વાકયો પૂર્ણ કરોઃ--

Mani.........clever.
Manu.........kind.
The master.........clever.
The books.........good.
The brother and sister.........kind.
The brother and sister.........clever.
Manu and the master.........kind.
Manu and the master.........clever.
The cow and the crow.........black.
The book and the rose.........red.
Cows......tame.
Roses......pretty.

NEW WORDS

this = આ
a = એક
a book = ચોપડી
(બહુવચન *books*)
good = સારૂં
a ball = દડો (બ. વ. *balls*)
round = ગોળ
the = તે

a master = શિક્ષક (બ. વ. *masters*)
kind = માયાળુ
a rose = ગુલાબ (બ. વ. *roses*)
red = લાલ
a crow = કાગડો (બ. વ. *crows*)
black, = કાળું

a cow = ગાય (બ. વ. *cows*)
tame = પાળેલું
clever = હોશિયાર
pretty = સુંદર
a brother = ભાઈ (બ. વ. *brothers*)
and = અને
a sister = બેન (બ. વ. *sisters*)

LESSON II

Has : Have

I *have* a pen.
I *have* a cap.
I *have* two sisters.
We *have* a nice house.
He *has* a nice garden.
He *has* two brothers.
The house *has* a roof.
This house *has* many doors.
The houses *have* white walls.
The boys *have* books.
You *have* a pen.
You *have* a cap.
You *have* two brothers.
We *have* fat cows.

He *has* pretty toys.
He *has* three sisters.
Babu *has* a red cap.
This house *has* big rooms.
The houses *have* pretty gardens.
Manu and Babu *have* three sisters.

Has = ને છે
Have = ને છે

ઉપર જોશો તો have એ રૂપ, *I* have, *We* have, *You* have, *They* have એમ વપરાયું છે; પણ Has એ રૂપ *He* has માં છે.

કર્તા ત્રીજા* પુરુષ એકવચનમાં હોય ત્યાં has વપરાય છે; નહિ તો have.

Has અને Have નો ધાતુ To have = હોવું, એ છે.

મનોયત્ન

નીચે ખાલી જગામાં has કે have મૂકી વાક્ય પૂર્ણ કરોઃ—

He......a toy.
You......two brothers.
I......a ball.
We......nice houses.
He......two sisters.

---

* [એક જુદું રૂપ hast છે; તે *Thou* hast, **તારી** પાસે છે, એમ બીજા પુરુષ એકવચનના કર્તા સાથે વપરાય છે. પણ તે હાલ ધ્યાનમાં લેવા જરૂર નથી.]

We......two cows.
I......two books.
I......three brothers.
I......a garden.
Manu......a cap.
Mani......a brother.
The master......three pens.
You......a ball.
Rama......a pen.
Lila......roses.
Houses......roofs.
The room......doors.
The master......a pretty house.

NEW WORDS

I = હું
two = બે
nice = સુંદર
he = તે
a roof = છાપરૂં (બ. વ. *roofs*)
white = સફેદ
you = તમે
a pen = કલમ
a toy = રમકડું (બ. વ. *toys*)
big = મોટું
a door = બારણું (બ. વ. *doors*)
a cap = ટોપી (બ. વ. *caps*)
we = અમે
a house = ઘર
a garden = બગીચો (બ. વ. *gardens*)
many = ઘણાં
a wall = દીવાલ (બ. વ. *walls*)
fat = જાડું
three = ત્રણ
this = આ
a room = ઓરડો (બ. વ. *rooms*)

LESSON III

ONE to FIVE

1	2	3	4	5
ONE	TWO	THREE	FOUR	FIVE

One and one are *two*.
Two and one are *three*.
Three and one are *four*.
Four and one are *five*.
I have *two* eyes.
I have *two* hands.
I have *five* fingers.
He has *one* cap.
You have *two* pens.
Rama has *three* dogs.
Mani has *four* dolls.
We have *five* books.

મનોયત્ન

(1) નીચેનાં વાક્યોમાં સંખ્યા બતાવનારા શબ્દો મૂકો :—

Mani has......eyes. Manu has......fingers.
Manu has......doll. Manu has......hands.

(2) નીચે ખાલી જગા પૂરો ને વાક્ય બનાવો :—

Two and two are......
Two and three...... ......
Three and one...... ......

One book and two books are...... ......
Three balls and two balls are...... ......

(3) નીચેનાં વાક્યમાં ખાલી જગા પૂરો; જ્યાં સંખ્યા બતાવનાર શબ્દ ન હોય ત્યાં તે મૂકો, અને જ્યાં ક્રિયાપદ ન હોય ત્યાં has કે have મૂકો:—

You have......fingers.
You......three sisters.
I......a brother.
He has .....balls.
He has......toys.
A dog has......eyes.
He......two caps.
He......two houses.
I......two pens.

NEW WORDS

one = એક four = ચાર
five = પાંચ eyes = આંખો
a hand = હાથ (બ. વ. *hands*)
a finger = આંગળી (બ. વ. *fingers*)
a dog = કુતરો (બ. વ. *dogs*)
a doll = ઢીંગલો (બ. વ. *dolls*)

LESSON IV

Singular and Plural

A boy	*One boy*	*Boys*	*Two boys*
	Four boys	*Many boys*	
A girl	*One girl*	*Girls*	*Two girls*
	Five girls	*Many girls*	

A boy plays. Boys *play.*

A boy and a girl *play.*

Sita sings.

Four girls sing.

Rama and Sita sing.

Boys and girls *sing.*

A dog runs.

Dogs *run.*

The master reads.

Many boys *read.*

A horse jumps.

Horses *jump.*

A cow grazes.

Cows *graze.*

ઉપર જોશો કે:—

(૧) નામને છેડે *s* લાગે ત્યારે બહુવચન થાય છે; જેમ કે a boy = છોકરો; boy*s* = છોકરાઓ.

(૨) પણ ક્રિયાપદને છેડે *s* લાગે ત્યારે ક્રિયાપદ એક-વચનમાં હોય છે, ને *s* વગર બહુવચન થાય છે; જેમ કે *plays* એ એકવચન છે, પણ *play* એ બહુવચન.

(૩) કર્તા એકવચનમાં હોય ત્યારે ક્રિયાપદ એકવચનમાં હોય છે; ને કર્તા બહુવચનમાં હોય ત્યારે ક્રિયાપદ

બહુવચનમાં હોય છે; જેમ કે, one boy plays = એક છોકરો રમે છે, પણ boys play = છોકરાઓ રમે છે.

મનોયત્ન

(1) નીચેના સવાલોના જવાબ આપો:—

કર્તા બહુવચનમાં હોય ત્યાં ક્રિયાપદ બહુવચનમાં વાપરવો; ને કર્તા એકવચનમાં હોય ત્યાં ક્રિયાપદ એકવચનમાં વાપરવો.

દાખલો:—

સવાલ: Who reads? કોણ વાંચે છે?

જવાબ: A boy reads. છોકરો વાંચે છે.

Who runs?	A boy.........
Who sings?	Two girls.........
Who plays?	A boy...... .
Who reads?	The master......
Who read?	The brother and the sister......
Who jumps?	A horse......
Who jump?	Horses......
Who grazes?	A cow......
Who graze?	Cows......

(2) નીચે ખાલી ખાનાં પૂરી વાક્યો બનાવો:—

One cow and two cows......three......
Three horses and two horses......five......

One boy and three boys......four......
One girl and two girls......three girls.
One boy and two boys......boys.
One cow and......cows......three......
One pen and......pens......five......
Rama and Sita......brother and sister.
Mani and Sita......sisters.
Nanu and Manu are two......

NEW WORDS

a boy = છોકરો	a girl = છોકરી
to play = રમવું	to sing = ગાવું
to run = દોડવું	to read = વાંચવું
to jump = કૂદવું	to graze = ચરવું

LESSON V

6	7	8	9	10
SIX	SEVEN	EIGHT	NINE	TEN

A week is seven days.
Three and three make six.
Five and three are eight.
Seven and two make nine.
Nine and one are ten.

The sun shines. Fire burns.
Birds sing. Dogs bark.

I walk. We walk. You walk.
They walk. He walks.

I run. We run. You run.
They run. He runs.

I laugh. We laugh. You laugh.
They laugh. He laughs.

ક્રિયાપદ અકર્મક હોય ત્યાં પહેલો કર્તા, ને પછી ક્રિયાપદ, એ અનુક્રમમાં વાક્ય બને છે. I walk = હું ચાલું છું, I laugh = હું હસું છું; 'ચાલું છું,' 'હસું છું' નું કર્મ નથી; ક્રિયાપદ અકર્મક છે. ઉપરનાં બીજાં વાક્યોમાં તેમજ છે.

He sells fruit. A girl likes flowers.
I sell fruit. Girls like flowers.
He drinks water. A cat drinks milk.
They drink water. Cats drink milk.
Sita likes flowers. The master calls Manu.
The master reads a book.

ક્રિયાપદ સકર્મક હોય ત્યાં પહેલો કર્તા, પછી ક્રિયાપદ, ને પછી કર્મ આવે છે. The master calls Manu (શિક્ષક મનુને બોલાવે છે) એમાં calls = બોલાવે છે, એ સકર્મક ક્રિયાપદ છે.

બોલાવનાર શિક્ષક છે, તેથી શિક્ષક કર્તા છે.
'બોલાવે છે' નું કર્મ મનુ છે.

માટે અંગ્રેજીમાં અનુક્રમ કર્તા, પછી ક્રિયાપદ, પછી કર્મ એમ છે; તે ધ્યાનમાં રાખવું.

મનોયત્ન

ખાલી જગા પૂરી નીચેનાં વાક્યો પૂર્ણું કરો :—

Seven days......a week.
......books and......books make ten......
We have two......
I......five......
He......three
Mani......one doll.
Manu......ten......
A bird......
......sing.
A dog......
......bark.

Mani drinks...
Manu drinks... } Mani and Manu...water.

Mani likes......
Manu likes...... } Mani and Manu like...

NEW WORDS

six = છ	fire = અગ્નિ
eight = આઠ	a bird = પક્ષી
ten = દસ	seven = સાત
a day= દિવસ	nine = નવ
the sun = સૂર્ય	a week = અઠવાડીઉં

to make = કરવું, બનાવવું	a flower = ફૂલ
to shine = પ્રકાશવું	milk = દૂધ
to burn = બળવું	to laugh = હસવું
to bark = ભસવું	to sell = વેચવું
to walk = ચાલવું	to drink = પીવું
they = તેઓ	to like = ચહાવું
fruit = ફળ	a cat = બિલાડી
water = પાણી	to call = બોલાવવું

to give = આપવું

LESSON VI

Simple Questions

1

This is a pen.	Is this a pen ?
The pen is blue.	Is the pen blue ?
The paper is white.	Is the paper white ?
Sorab is bold.	Is Sorab bold ?
The boys are present.	Are the boys present ?
Mani and Sita are absent.	Are Mani and Sita absent ?

2

He has a pencil.	Has he a pencil ?
Manu has a watch.	Has Manu a watch ?
Rasul has a flag.	Has Rasul a flag ?
The goat has horns.	Has the goat horns ?
The houses have windows.	Have the houses windows ?
Shanta and Kanta have pretty rings.	Have Shanta and Kanta pretty rings ?
The boys have clean caps.	Have the boys clean caps ?

ઉપરનાં વાક્યો તપાસો. કંઈ **ચોક્કસ વાત કહે** એવું વાક્ય પહેલું ગોઠવ્યું છે, ને તેજ વાત વિષે **સવાલ પૂછે** એવું વાક્ય તેની સામે ગોઠવ્યું છે.

પહેલા વિભાગના દરેક વાક્યમાં *is* (અથવા isનું બહુવચનનું રૂપ *are*) મુખ્ય ક્રિયાપદ તરીકે વાપરવામાં આવ્યું છે, અને બીજા વિભાગમાં *has* અથવા *have* મુખ્ય ક્રિયાપદ તરીકે વાપરવામાં આવ્યું છે.

એ દાખલાઓમાં જુઓ કે **જે વાક્ય કંઇ વાત કહે છે** અથવા રજુ કરે છે તેમાં કર્તા અને ક્રિયાપદ કયા ક્રમમાં આવે છે; અને પછી જુઓ કે તેજ વાક્ય સવાલ રૂપે ગોઠવતાં કર્તા અને ક્રિયાપદ કયા ક્રમમાં આવે છે.

The pen is blue, એ વાકયમાં the pen વિષે સવાલ પૂછાતો નથી, પણ તે blue, ભૂરી છે, એવું કહેવામાં આવ્યું છે, એમાં the pen (કર્તા) પહેલાં આવે છે, અને is (ક્રિયાપદ) કર્તાની પછી આવે છે.

પણ તેજ વાકયને સવાલરૂપે ગોઠવતાં Is the pen blue? તેમાં is (ક્રિયાપદ) પહેલું આવે છે, અને the pen (કર્તા) પાછળ આવે છે.

જે પ્રશ્નાર્થ વાક્યમાં is, are, has, have, ક્રિયાપદ તરીકે હોય, તેમાં ક્રિયાપદ પહેલાં અને કર્તા પછી ગોઠવાય છે.

મનોયત્ન

નીચેનાં વાકયોને સવાલરૂપે ફેરવો.

[દાખલો The master is kind = મહેતાજી માયાળુ છે. એ વાકયને સવાલ રૂપે ફેરવતાં:—

Is the master kind? મહેતાજી માયાળુ છે?]:—

(1) He is a good boy.
The flag is red.
The mother is kind.
The boys are clever.
The flowers are white.
The master is absent.
The cat is black.
The garden is pretty.

(2) Mani has a nice book.
She has a brother.
Cows have horns.
Manu has a red coat.
The boys have five balls.
You have a house.
The master has a pen.
The garden has flowers.
You have five books.

(3) This house has many windows.
You have two sisters.
Manu and Mani are brother and sister.
The tree has red flowers.
Mani is clever.

NEW WORDS

paper = કાગળ
bold = બહાદુર
absent = ગેરહાજર
a watch = ખીસા ઘડીઆળ
a flag = વાવટો
a horn = શીંગડું
a ring = વીંટી

clean = સ્વચ્છ
blue = ભૂરૂં
present = હાજર
a pencil = પેન્સિલ, સીસાપેન
a goat = બકરી
a window = બારી
all = બધા

a tree = ઝાડ

LESSON VII

A : AN : THE

1

Sita has *a* cow.
Mani has *a* doll.
This man sells *toys*.

I have *a* shirt.
The rose is *a* flower.
Sita likes *flowers*.

2

An ant is *an* insect.
An owl is *a* bird.
An elephant is *a* big animal.
An ox grazes in the field.

A અથવા an નો અર્થ **એક, એકાદ, કોઈ એક,** એવો થાય છે.

ઉપરનાં વાકયોમાં a અથવા an કયાં કયાં વપરાયા છે તે ધ્યાનથી તપાસો.

૧ સામાન્ય નામના એકવચનની આગળજ a અથવા an આવે છે; જેમ કે a cow, an ant.

૨ સ્વરથી શરૂ થતા શબ્દની આગળ a ને બદલે an વપરાય છે; જેમ કે an ant, an ox.

૩ સાધારણ રીતે a કે an (article = નામયોગી શબ્દ) નામની આગળજ મૂકાય છે.

નોંધ: **અમુક** એક, અથવા **ચોક્કસ** એક એવા નિશ્ચિત અર્થમાં a અથવા an વપરાતો નથી. a કે an નામનો અનિશ્ચિત અર્થ બતાવનાર નામયોગી શબ્દો, એટલે કે નામની સાથે જોડાઈને વપરાતા શબ્દો (indefinite articles) છે.

3

1 Mani has a cow.
The cow is white
The cow gives milk.
Rama has a book.
The book is nice.
This man sells toys.
The toys are pretty.
The man sells a doll.

2 A man sells dolls.
Mani wants a doll.
The doll has blue eyes.

The hair of the doll is white.
The cage of this parrot is new.
The cow in the field is a brown cow.
The flowers of this tree are red.

The નો અર્થ **તે** (જેની આપણે વાત કરીએ છીએ તે) એવો થાય છે. **તે, અમુક** અથવા **ચોક્કસ** એવા અર્થમાં નામ વપરાયું હોય તેની આગળ the આવે છે. The, એ નિશ્ચિત અર્થ બતાવનાર નામયોગી શબ્દ (definite article) છે.

નોંધ ૧: નામના એકવચન તેમજ બહુવચન જોડે પણ the વાપરી શકાય છે; જેમ કે the boy, the boys.

નોંધ ૨: સંજ્ઞાવાચક નામ જોડે article આવતો નથી; જેમ કે John; (પણ a કે the John ન વાપરી શકાય).

મનોયત્ન

(1) નીચેનાં વાક્યોમાંથી article બતાવી આપો:—

(i) I live in a house. The house is a big house. You have a horse. The horse is a brown horse. The brown horse runs. Rama reads a book. The book has many pages.
Have you an inkstand? Yes, I have a pen and an inkstand.

(ii) Sita has a ball. The ball is round and pretty. Sita likes the ball.

Is this a garden? Yes, this is a garden. Do you like the garden? Yes, I like the garden.

That man has an old dog. He gives milk to the dog.

We have five pencils. The pencils are red and blue.

(2) નીચેનાં વાક્યોમાં ખાલી રાખેલી જગામાં જરૂર હોય ત્યાં a, an કે the ઉમેરો, અને શા માટે તે ઉમેરો છો અથવા નથી ઉમેરતા તે સમજાવો :—

I have......cap. This is......cap.

Has Rama......watch?

Sita has......brother. ......brother is...... clever boy.

This is......ant. This is......elephant.

Boys like......dog.

Jamshed reads......book.

Lila has......doll. ......doll is......toy.

......master is kind.

......cows are fat.

......elephant is......animal.

......elepant is......big animal.

......owl is......bad bird.

NEW WORDS

a toy = રમકડું	an ox = બળદ
an ant = કીડી	to want = જોઈવું
an owl = ઘૂવડ	a cage = પાંજરૂં
an elephant = હાથી	new = નવું

an inkstand = ખડીઓ
a shirt = ખમીસ
an insect = જંતુ, જીવડું
an animal = પ્રાણી
a field = ખેતર
hair = વાળ
a parrot = પોપટ
brown = ભૂરૂં, ભુખરૂં
a page = પાનું
bad = ખરાબ

LESSON VIII

Gender

Has Hari a brother? No, he has two sisters. His father and his mother are very kind.

A man and a woman live in this house. They keep a horse and a mare.

The cock sits on the roof. The hen sits on the cage.

Manu has a cow and an ox.

Has your uncle a son? No, he has a daughter. My aunt loves her daughter. Her name is Sita.

ઉપરનાં વાક્યોમાં

Ox	નરજાતિનું નામ છે;	Cow	નારીજાતિનું નામ છે;
Brother	,,	Sister	,,
Father	,,	Mother	,,

Man	નરજાતિનું નામ છે;	Woman	નારીજાતિનું નામ છે;
Horse	,,	Mare	,,
Cock	,,	Hen	,,
Son	,,	Daughter	,,
Uncle	,,	Aunt	,,

(૧) Manu, Hari, એ સંજ્ઞાવાચક નામ, નરનાં નામ છે, તે નરજાતિનાં નામ ગણાય છે. તેવીજ રીતે an ox, a brother, a father, a man, a horse, the cock, an uncle, a son, આ બધા સામાન્ય નામના શબ્દો પણ નરજાતિના છે. અંગ્રેજીમાં નરજાતિનાં નામો masculine gender નાં નામ કહેવાય છે.

(૨) Sita એ સંજ્ઞાવાચક નામ સ્રીનું નામ છે, તે નારીજાતિનું ગણાય છે. તેવીજ રીતે a cow, a sister, the mother, a woman, a mare, a hen, a daughter, an aunt, એ સામાન્ય નામો પણ નારીજાતિનાં છે.

અંગ્રેજીમાં નારીજાતિનાં નામો feminine gender નાં નામ કહેવાય છે.

(૩) House, roof, cage એ નામો નરજાતિનાં પણ નથી, તેમ નારીજાતિનાં પણ નથી; એ નામો નાન્યતરજાતિનાં ગણાય છે.

અંગ્રેજીમાં નાન્યતરજાતિનાં નામો neuter gender નાં નામ કહેવાય છે.

Gender = જાતિ

Masculine gender = નરજાતિ.

Feminine gender = નારીજાતિ.

Neuter gender = નાન્યતરજાતિ.

અભ્યાસ

નીચેના વાક્યોમાં જે જે નામો આવતાં હોય તે બતાવો, તથા તે કઈ જાતિનાં છે તે પણ કહો :—

The king and the queen live in a palace.
Who is that lady and who is that gentleman ?
The lady is my aunt.
The gentleman is my uncle.
My brother has a son and a daughter.
I have a nephew and a niece.
Rama is the husband of Sita.
Sita is the wife of Rama.
My mother sings.
My uncle keeps horses.
My aunt is a good woman.
Girls are pretty.
Boys are clever.
The queen is kind.
This man has an ox, two cows, two horses and a mare.

NEW WORDS

no = ના
to live = રહેવું
to sit = બેસવું
a roof = છાપરૂં
his = તે (પુરુષ) નું
name = નામ
who = કોણ
mother = મા
a woman = સ્ત્રી
a mare = ઘોડી
a hen = મરઘી
a cow = ગાય
an aunt = કાકી
a daughter = દીકરી
a queen = રાણી
a lady = ગૃહસ્થની સ્ત્રી, સન્નારી
a nephew = ભત્રીજો (અથવા ભાણેજ)
a niece = ભત્રીજી (અથવા ભાણુજી)
a husband = વર
very = ઘણું
to keep = રાખવું
on = ઉપર
to love = ચહાવું
her = તેણીનું
a palace = મેહેલ
father = બાપ, પિતા
a man = માણસ, મરદ
a horse = ઘોડો
a cock = મરઘો
an ox = બળદ
an uncle = કાકો
a son = દીકરો
a king = રાજા
a gentleman = ગૃહસ્થ
a wife = વહુ

LESSON IX

To be, To have, and more of Questions.

1

I am busy.
We are busy.
You two are busy.
He is busy.
You are busy.
They are busy.

I am ready. Are you ready? Are they ready? No, they are not. He is ready.

Am, is, are, એ ત્રણ To be ક્રિયાપદનાં વર્તમાન કાળનાં રૂપ છે.

To be = હોવું.

2

Who is that boy?	He is my nephew.
Who comes?	I come.
Who are your friends?	Rusi and Saiyad are my friends.
Who lives there?	My uncle lives there.
What is his name?	His name is Saiyad.
What has he?	He has a slate and a book.
Which is your book?	This is my book.
Which is his house?	That is his house.
How many books have you?	I have five books.
How many brothers has Rama?	Rama has two brothers.
How many cows has he?	He has many cows.

Who = કોણ What = શું

Which = કયું How many = કેટલા

મનોયત્ન

(1) ખાલી રાખેલી જગામાં જરૂર પ્રમાણે To be ક્રિયાપદનાં વર્તમાનકાળનાં રૂપ (am, is, are) અથવા has કે have ઉમેરી નીચેનાં વાક્યો પૂર્ણ કરો.

A dog......four legs.
Manu......a pencil.
Manu......busy
These boys......clever.
These boys.....many books.
My house......big.
My house......a garden.
The house......many windows.
He......my master.
She......a clever lady.

The flowers......red.
The trees......red flowers.
These trees......flowers.
Your nephew......an inkstand.
Sita......many toys.
The toys......nice.
Hari and Manu...... brothers.
Hari......two brothers.
My father......old.

A watch......two hands.

(2) ખાલી રાખેલી જગામા to be ક્રિયાપદનાં યોગ્ય રૂપ ઉમેરી સવાલ પૂર્ણ કરો :—

......he a good student ?
......the boy clever ?
......the flowers white ?

......they friends ?
......your brother here ?
......Sita a pretty girl ?

......I a good girl ?

(3) નીચેના પ્રશ્નોના ઉત્તર બોલીને આપો :—

Who is Manu ?
Who are his friends ?
Who are absent ?
Who are tall ?

Who is in the house ?
Who has a pen ?
Who has a cow ?
Who reads ?

Who sells flowers?
Who are your friends ?
Who is late ?
Who is clever ?
Who are ready ?
Who have books ?
Who have flowers ?
Who sings ?
Who play cricket ?

(4) What is your name? What is his name ?
What is this ? What is that ?

(5) Which is your pencil? Which is my cap ?
Which is his slate ? Which boy is clever ?
Which are his books? Which girl is clever ?
Which boys are absent ?

(6) How many brothers have you ?
How many sisters have you ?
How many sisters has he ?
How many uncles has Sita ?
How many balls has the boy ?
How many friends have you ?
How many brothers are you ?
How many sisters are they ?
How many are we ?

(7) Is he your teacher ? Is he your brother ?
Is she your sister ? Are they here ?
Are you ready ? Is the house good ?
Are the flowers pretty ? Are the horses old ?

NEW WORDS

busy = ઉદ્યોગી	ready = તૈયાર
not = નથી	to come = આવવું
your = તમારૂં	a friend = મિત્ર
there = ત્યાં	a slate = સ્લેટ, પથ્થર પાટી
a leg = પગ	late = મોડું
a student = વિદ્યાર્થી	tall = ઊંચું
cricket = ક્રિકેટની રમત	a teacher = શિક્ષક

LESSON X

More about Plurals.

1

This is a nice dish.
Mani likes nice dishes.
I sit on a bench.
This is a box.

My class has eight benches.
Our school has many classes.

I have two boxes.

2

I see a man and a woman in the shop.
How many men and women do you see in the street ?
A man gives a toy to the child.
Children love toys.
This is a mouse. Mice have sharp teeth.

I have many teeth. My little sister has one tooth.

My foot is on the bench. Your feet are on the ground.

પહેલા વિભાગનાં વાકયો ધ્યાનથી તપાસશો તો a dish, a bench, a class, a box, એવાં નામોનું બહુવચન કેવી રીતે થાય છે તે સમજશો.

જે નામોનાં એકવચનનાં રૂપ ને છેડે s, sh, ch, કે x આવતો હોય તેને છેડે es ઉમેરવાથી બહુવચન થાય છે; જેમ કે :—

dish	નું બહુવચન	dishes,
bench	,, ,,	benches,
class	,, ,,	classes,
box	,, ,,	boxes, વગેરે.

બીજા વિભાગનાં વાકયો તપાસવાથી જણાશે કે કેટલાંક નામોનું બહુવચન અનિયમિત રીતે થાય છે.

a man = માણસ	નું બહુવચન	men છે.
a woman = સ્ત્રી	,, ,,	women છે.
a child = બાળક	,, ,,	children છે.
a mouse = ઉંદર	,, ,,	mice છે.
a tooth = દાંત	,, ,,	teeth છે.
a foot = પગ	,, ,,	feet છે.

મનોયત્ન

(1) નીચેનાં વાક્યોમાં એકવચનનાં નામો હોય તેમાંથી બને તેટલાંનું બહુવચન વાપરી તેજ વાક્યો ફરી લખો :—

દાખલો : A man runs એમાં "man" એકવચનનું નામ છે. તેનું બહુવચન men છે. માટે નવું વાક્ય Men run.

A dog is an animal.
A man and a woman live in the house.
A boy sits on the bench.
My dog has a long tail.
The man keeps an ass and a horse.
A mouse runs.
Is your brother ready ?
Is your friend clever ?
Has your uncle a good house ?
The dog has a sharp tooth.
Is the class big ?
Has the tree a flower ?

(2) નીચેનાં વાક્યોમાં જે જે નામ વપરાયાં હોય, તે નરજાતિનાં હોય તો તેને ઠેકાણે નારીજાતિનાં નામ મૂકો, તે નારીજાતિનાં હોય તો તેને ઠેકાણે નરજાતિનાં નામ મૂકો :—

દાખલો : The girl is busy. એમાં girl નારીજાતિનું નામ છે. તેને બદલે નરજાતિનું નામ boy છે. માટે નવું વાક્ય The boy is busy, એમ બનશે.

A girl sells flowers.
My mother is busy.
My nieces play in the garden.
The queen is a kind woman.

The gentleman keeps many horses.
She has a nephew.
His daughters are clever girls.
The woman loves her husband.

NEW WORDS

a dish = રકાબી
a class = વર્ગ
a box = પેટી
a shop = દુકાન
sharp = તીણું
my = મારૂં
a bench = પાટલી
a school = નિશાળ
to see = જોવું
a street = શેરી
floor = ભોંય, જમીન
an ass = ગધેડું
a baby = બાળક

PART II

LESSON I

There is : There are.

1 There *is* a boy in the room.
2 There *are* two boys in the room.
3 There *is* a girl in the garden.
4 There *are* three girls in the garden.
5 There *is* a bird on the tree.
6 There *are* bees on the flowers.
7 There *is* a pen and a pencil on the table.
8 There *are* stones on the road.

ઉપલાં વાકયોમાં there નો કંઈ અર્થજ નથી; thereથી શરૂ થએલાં એ વાકયોમાં કંઈક છે એમ વસ્તુનું હોવાપણું બતાવવામાં આવ્યું છે. There નો અર્થ સાધારણ રીતે "ત્યાં" થાય છે. પણ, there is a boy એમ કહીએ તો એનો અર્થ એટલોજ થાય છે કે "કોઈ એક છોકરો છે"; "છોકરો ત્યાં છે," એવો અર્થ નહિ થાય.

નોંધ:–કોઈ વસ્તુનું માત્ર હોવાપણું બતાવવું હોય, એટલે કે તે છે એટલુંજ માત્ર કહેવું હોય તો તે માટે અંગ્રેજીમાં thereથી વાકયની શરૂઆત કરવી.

મનોયત્ન

નીચે ખાલી જગામાં There is અથવા There are મૂકી વાક્યો પૂર્ણ કરો :—

1 ....a book on the table.
2 ....a man in the house,
3 ....five horses in the field.
4 ....big houses in the city.
5 ....a well in the garden.
6 ....a cat on the roof.
7 ....birds in the cage.
8 ....a horse and a cow in the field.
9 ....nice flowers in the garden.
10 ....an old woman on the road.
11 ....a green bird on the tree.
12 ....ten boys and six girls in my class.
13 ....a palace in my city.
14 ....a chair and a table in the room.
15 ....a clock in my school.
16 ....fat cows in the field.
17 ....a small dog in the street.
18 ....nice books on my table.
19 ....two maps in the school.
20 ....a pen-knife and a pencil in my pocket.

NEW WORDS

bees = મધમાખીઓ
stones = પથરા
a city = શહેર
green = લીલું
a clock = મોટું (ભીંતનું) ઘડીઆળ
a pocket = ખીસું, ગજવું

in = અંદર
a table = મેજ, ટેબલ
a road = રસ્તો
a well = કુવો
a chair = ખુરસી
maps = નકશા
a pen-knife = ચપ્પુ
small = નાનું

LESSON II

Here : There : Where

1 Where is the boy ?
The boy is *here.*
The boy is *there.*

2 Where is Mani ?
Mani is *in this* school.
She is *here* in this school.

3 Where is Nanu ?
Nanu is *in that* field.
He is *there* in that field.

4 Where are the cows ?
The cows are *in this* garden.
They are *here* in this garden.

5 Where are the goats ?
The goats are *on that* hill.
They are *there* on that hill.

Where = ક્યાં ?
There = ત્યાં, પણે.
Here = અહિં.

Where, there, here એ શબ્દો સ્થળ બતાવે છે.

સ્થળ પૂછવા માટે where વપરાય છે.

કોઈ વસ્તુ જરા **દૂર** રહેલી છે એમ સૂચવવા there વપરાય છે.

વસ્તુ **પાસે** છે એમ બતાવવા here વપરાય છે.

મનોયત્ન

નીચે ખાલી રાખેલી જગાએ જરૂર પ્રમાણે here, there અથવા where મૂકી વાક્યો પૂર્ણ કરો :—

1 Mani and Manu are.........in *this* house.

2 ......is Magan ? He is.........in *that* field.

3 ....is Mani ? She is......in *this* room.

4 ....are the roses ? They are.........in *this* garden.

5 ....is the cow ? The cow is in *that* field.

6 Boys and girls are........ in *this* school.

7 There are five birds on the tree.
Where are the birds ?
The birds are.........on *this* tree.
The birds are.........on *that* tree.

8 There are pretty flowers in *that* garden.
.........are the flowers ?
They are.........in *that* garden.

9 The goats are in *this* field.
.........are the goats ?
.........in *this* field.

10 The teacher is in *that* class.
.........is the teacher ?
He is.........in *that* class.

11 Manu is in the house.
Where is Manu ?
He is.........in *this* house.

NEW WORDS

she = તેણી   hill = ટેકરી

LESSON III

He : She : It : They

1 *Manu* is a *boy*.
He is clever.

2 *Mani* is a *girl*.
She is pretty.

3 *Manu and Mani* are ten years old.
They are young.

